### નવ દિવસ સુધી યોજાય છે 'અચરી' નો કાર્યક્રમ

# ડીસામાં લોધા સમાજ દ્વારા ચૈત્રી નવરાત્રી પર્વ અનોખી રીતે શકિતની આરાધના

### લોધા સમાજના ભાષામાં ગવાતી માતાજીની સ્તુતિ

ડીસા, તા. ૯

ચૈત્રી નવરાત્રી શક્તિ આરાધનાનો એક અનોખો અવસરછે. વિવિધ સમો અને પ્રાંતોમાં વિવિધ પરંપરા અને આગવી પ્રણાલિકાથી શક્તિની ઉપાસના કરવામાં આવે છે. ત્યારે ડીસા શહેરમાં અગ્રેજ સલ્તન વખતથી ઉત્તર પ્રદેશથી આવીને વસવાટ કરતા લોધા ક્ષત્રિય સમાજ ચૈત્રી નવરાત્રીના નવ દિવસસુધી ઉત્તરપ્રદેશની ભાષા, બોલી અને આગવી શૈલીથી ઉપાસના કરી પોતાની પરંપરા અને સંસ્કૃતિને જાળવી રહ્યો છે.



ડીસા શહેરમાં મુખ્યત્વે રાજપુર, રેલ્વે સ્ટેશન અને ઢુવા રોડ પર ખેતી, વાહન રીપેરીંગ અને વોર સાથે સંકળાયેલા લોધા ક્ષત્રિય સમાજના ઈતિહાસમાં ડોકીયુ કરવામાં આવે તો ભારતના વિવિધ રાજયમાં શાસન ભોગવનાર લોબા ક્ષત્રિય સમાજ આઝાદી વખતે દેશ માટ પણ કુરબાનીઓ આપી છે. અંગ્રેજો સાથે ડીસા (કેમ્પ) માં આવેલો લોધા પરિવારોએ પ્રથમ ટેકરા પર વસવાટ શરૂ કર્યો હતો. શિવ અને શકિત ઉપાસક લોધા સમાજે રીસાલામાં શિવજીની સ્થાપના કર્યા બાદ રાજપુર સ્થાપી બની ત્યાં હરીહર મહાદેવનું નિર્માણ કર્યુ હતુ. જયારે ટેકરામાં શિવમંદિર પણ લોધા પરિવારએ બનાવ્યું હતુ. આમ શિવશકિત આરાધક લોધા સમાજ ચૈત્રી નવરાત્રી નિમિત્તે નવદિવસ સુધી માતાજીની અનન્ય શ્રધ્ધા સાથે આરાધના કરે છે. રાત્રી દરમ્યાન લોધા સમાજના યુવાનો ભેગા મળી યુપીની પ્રચલિત ભાષા અને શૈલીમાં માતાજીની સ્તુતિ કરે છે જેને 'અચરી' કહેવામાં આવે છે. જેમાં જયોતિષ બંસીલાલ લોધા, ઉદયસિંહ ખેમચંદ લોધા, મુકેશ બાબુલાલ લોધા, રાજેશકુમાર મનીરામ લોધા, અરવિંદકુમાર બાબુલાલ લોધા, નારણસિંહ તુલ્લાઈસિંહ લોધા, નારણસિંહ કાળીદાસ લોધા, મહેશકુમાર જગદીશકુમાર લોધા, જયેશ પ્રતાપભાઈ લોધા, રાજેશભાઈ મણીલાલ લોધા, નરેશકુમાર, જયરામભાઈ લોધા, નટવરલાલ હીરાલાલ મુકેશકુમાર (મહાકાળી ફર્નિચર), કિશોરકુમાર દયારામ લોધા, અમરસિંહ ભુરાભાઈ વગેરે ટીમ આગવી શૈલીમાં માતાજીની અચરીમાં જોડાય છે જે ભોલેનાથના મંદિરે અંબાજી મંદિરે, જોગણી માતાના મંદિર સાતો બહેનોના મંદિરે માતાજીની આરાધના થાય છે. ગત રાત્રે રેલ્વે સ્ટેશનમાં રમેશભાઈ બાબુલાલ લોધાને ત્યાં 'અચરી' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાવિકો માટે નાસ્તાનું વિતરણ કરાયું હતું જેમાં ગવૈયા મંડળીને કાંસાના મંજીરાની ભેટ આપવામાં આવી હતી.

# બેચરાજી ખાતે ચૈત્રી મેળાનો પ્રારંભ

મહેસાણા, તા. ૯

ચૈત્રી પૂનમે મા ત્રિપુરાસુંદરીના ચોથા પ્રાગટ્ય સ્વરૂપે બેચરાજી ખાતે માઈ ભક્તો દર્શનાર્થે આવે છે. ચૈત્રી માસ ભક્તિ માટે મહત્વનો માસ છે.



તેમાં ચૈત્રી પૂનમનું મહત્વ અનેરૂ વધી જાય છે. પ્રતિ વર્ષે રાજ્ય સરકાર દ્વારા યોજાતો ચૈત્રી પૂનમનો મેળો આ વર્ષે ૯ એપ્રિલથી ૧૧ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. ચૈત્રી પૂનમ મેળાનો વિધિવત પ્રારંભ આજે થયો હતો. ચૈત્રી પૂનમના મેળા માટે આવતા યાત્રિકોની સુવિધા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુખાકારી સગવડો કરવામાં આવી છે.

ચૈત્રી પૂનમના મેળાનું વિશેષ મહત્વ રહેલુ છે. ચુંવાળ પંથકમાં મા બાલાસુંદરીના દર્શાનાર્થે લાખો ભક્તોનો ઘોડાપુર આવે છે. ભક્તોની સુવિધા માટે સરકાર પ્રયત્નશીલ છે. મેળામાં યાત્રિકોને મુશ્કેલી ન પડે તે માટે વહીવટીતંત્ર દ્વારા વિવિધ સગવડો ઉપલબ્ધ કરાવી છે. યાત્રિકોની સુરક્ષા માટે પોલીસ જવાનો પણ ખડેપગે સેવા આપી રહ્યા છે. ૧૫ લાખથી વધારે ભક્તોની સુખસગવડ માટે વિવિધ કમીટીઓ અને ટ્રસ્ટીઓ કાર્યરત છે.

ચૈત્રી પૂનમના મેળામાં ૧૫ લાખથી વધુ ભાવિ ભક્તો મોટી સંખ્યામાં મા ના દર્શનનો લાભ લે છે. યાત્રિકોને સારી સુવિધા મળી રહે તે માટે વહીવટીતંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરાયુ છે. મેળા દરમિયાન નિઃશુલ્ક ભોજન, પીવાના પાણીની વ્યવસ્થા, ફોગીંગ, લીંબુ શરબત સહિત પાલખી પથ માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે. મેળામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ત્રણ પાલિકા દ્વારા ટીમ તૈયાર કરાઈ છે. ત્રિ દિવસીય મેળામાં યાત્રિકો માટે ખાસ સુવિધા કરાઈ છે.

# બનાસકાંઠા ભાજપ મિડીયા સેલના કન્વીનર તરીકે દૈવતભાઈ બારોટની નિમણુંક

ડીસા, તા. ૯

ભારતીય જનતા પાર્ટી દ્વારા તાજેતરમાં થયેલી સંગઠનાત્મક અને રચનાત્મક નિમણુંકોમાં સંદેશ



દૈનિકના ડીસાના બ્યુરોચીફ દૈવતભાઈ બારોટની બનાસકાંઠા જિલ્લા ભાજપ મિડીયા સેલના કન્વીનર તરીકે નિમણુંક થતા મિડીયા અને સમર્થકોમાં ખુશીની લાગણી છવાઈ જવા પામી છે.

ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને વરેલા મહેસાણા જીલ્લાના લીંચ ગામના મુળ વતની દૈવતભાઈ બારોટ હાલ બનાસકાંઠા જિલ્લાના નામાંકીત પત્રકારોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. પત્રકારત્વની સાથે સમાજ સેવા, લોકજાગૃતિ અને પાર્ટીના સંગઠનમાં રહી આગવું પ્રભુત્વ જાળવી રાખનાર દૈવતભાઈ બારોટ અગાઉ પણ જિલ્લા ભાજપ મિડીયા સેલના કન્વીનર તરીકે યશસ્વી ફરજ નિભાવી ચુકયા છે. ત્યારે પક્ષે તેમની કામગીરીની નોંધ લઈ વધુ એક તક આપી છે. મિડીયા સેલના કન્વીનર તરીકે વરણી થતાં અગામી સમયમાં ભાજપના પ્રચાર પ્રસારને વેગ મળશે. જેનો લાભ આગામી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને મળશે તેવું કાર્યકરોનું માનવું છે.

## કાંકણોલ શકિત કેન્દ્રની બેઠક મળી

ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ અંતર્ગત વિવિધ કેન્દ્રો ઉપર કાર્યકર્તાઓને જીલ્લાના તથા પ્રદેશના આગેવાનો પક્ષના સિધ્ધાતો તેમજ વર્તમાન કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા વિવિધ કરેલા વિકાસલક્ષી કામોનું માર્ગદર્શન આપવામાં આવતું હોય છે. હિંમતનગર તાલુકાના કાંકણોલ મુકામે શંકર આશ્રમ ખાતે જીલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડયા માર્ગદર્શન આપતા નજરે પડે છે. આ પ્રસંગે તાલુકા પ્રમુખ હસમુખભાઈ પટેલ, જીલ્લા કિસાન મોરર્ચાના પ્રમુખ જયેશભાઈ પટેલ વગેરે હોદેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહેલ.

# વેટનરીના વિદ્યાર્થીઓના ઈન્ટર્નશિપ સ્ટાઈપેન્ડમાં સરકાર દ્વારા વધારો થતાં આશાનું કિરણ જાગ્યું

દાંતીવાડા, તા. ૯

ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીમાં વેટનરીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ



દરમિયાન માત્ર ૩૦૦૦ રૂ. સ્ટાઈપન્ડ આપવામાં આવતુ હતુ, જ્યારે વેટનરીમાં અભ્યાસ કરતા ૮૦ ટકા વિદ્યાર્થીઓ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા પરિવારમાંથી આવતા હોય છે. ઉપરાંત વેટનરીના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ દરમિયાન રાજ્યના જુદા જુદા સ્થળે ટ્રેનિંગ અર્થે સ્વખર્ચે જવાનું આવતું હોય છે જેના માટે થતો મુસાફિર ખર્ચ, રહેવાનો ખર્ચ તેમજ જમવાનો ખર્ચ અત્યારના સમયમાં વિદ્યાર્થીઓને ૩૦૦૦ રૂ.માં પાલવે તેમ નહોતો તદઉપરાંત દિલ્હીની વડી અદાલત દ્વારા ચુકાદો આપવામાં આવેલ છે કે એમ.બી.બી.એસ. અને વેટનરી એક સમકક્ષ કોર્ષ છે જેથી આ બન્ને તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપમાં એક સમાન સ્ટાઈપન્ડ આપવુ અર્થાત વેટનરીના વિદ્યાર્થીઓને કોઈપણ રીતે એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓથી નીચા આંકી શકાય નહી જે મુજબ વિદ્યાર્થીઓની માંગણી હતી કે વેટનરીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઈન્ટર્નાશિપમાં એમ.બી.બી.એસ. ઈન્ટર્નશિપ સ્ટાઈપન્ડ જેટલું અર્થાત ૧૦૭૮૦ રૂ. સ્ટાઈપન્ડ આપવામાં આવે આ અંતર્ગત વેટનરીના વિદ્યાર્થીઓ દ્વારા રાજ્ય સરકારને વારંવાર રજુઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવતો ન હતો. છેવટે ભાજપના ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય સરકારમાં સંસદીય તરીકે ફરજ બજાવતા ભરતસિંહ ડાભી દ્વારા વિદ્યાર્થીઓને ચોક્કસ દિશામાં સહાય મળતા તેમજ તમામ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરના હકારાત્મક વલણ અને મીડિયાના સચિન રાવ જેવા પત્રકારો દ્વારા આ સમસ્યાને રાજ્યભરમાં ઉજાગર કરવા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પશુચિકિત્સાના વિદ્યાર્થીઓ પ્રતિ હકારાત્મક વલણ દર્શાવી તેમનું ઈન્ટર્નશિપ સ્ટાઈપન્ડ ૪૨૦૦ રૂ. કરી આપવામાં આવ્યું છે જેથી રાજ્યના તમામ વેટનરીના વિદ્યાર્થીઓનું આશાનું કિરણ ખુલી ગયુ છે. પરંતુ દિલ્હી હાઈકોર્ટના ચુકાદા મુજબ તેમની માંગણી મુજબનું સ્ટાઈપન્ડ હજુ ના મળતા વિદ્યાર્થીઓ સબકા સાથ સબકા વિકાસમાં માનવા વાળી રાજ્ય સરકાર પાસે ન્યાયની અપેક્ષા રાખી રહ્યા છે.




આગામી ૧૪મીએ ડૉ. બાબા સાહેબ આંબેડકર જયંતીની ઉજવણી હોઈ તે અંતર્ગત અરવલ્લી જિલ્લા યુવા મોરચા દ્વારા આયોજિત મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમા આવેલ ડૉ. આંબેડકર કોમ્યુનિટી હોલ તેમજ તેની આજુબાજુના વિસ્તારની સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. જેમા અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વનીતાબેન પટેલ, મોડાસા શહેર સંગઠન મહામંત્રી રણધીરભાઈ ચુડગર તેમજ અરવલ્લી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ અનિલભાઈ પટેલ તથા તેમની ટીમ દ્વારા આ વિસ્તારમાં સફાઈ કરવામા આવી હતી.

# હિમતનગરમાં રાજ્ય રેવન્યુ કર્મચારી મહામંડળની જનરલ સભા મળી

### રાજ્ય રેવન્યુ કર્મચારી મહામંડળના અધ્યક્ષ તરીકે દેવેશ પટેલની વરણી

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરમાં રવિવારે રાજય રેવન્યુ કર્મચારી મહામંડળની



સામાન્ય સભા મળી હતી.જેમાં વર્તમાન પ્રમુખનો વય નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો ત્યારબાદ જનરલ સભા મળી હતી.જેમાં પ્રમુખ પદ માટે ચિઠ્ઠી ઉછાળી વરણી કરવામાં આવી હતી.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના રેવન્યુ કર્મચારી મહામંડળ ધ્વારા જીલ્લાના આંગણે હિમતનગરના મુલ્કી ભવનના હોલમાં રવિવારે સાનિધ્યમાં જુનાગઢના ગુજરાત રેવન્યુ કર્મચારી મહામંડળના પ્રમુખ જહાંગીર બલોચ વય નિવૃત થતા તેમનો સન્માન સમાંરભ યોજાયો હતો જેમાં જીલ્લા કલેકટર પી.સ્વરૂપ અને પ્રાંત અધિકારી કે.પી.પાટીદારના હસ્તે જહાંગીર બલોચનું શ્રીફળ સાકર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું ઉપરાંત રાજ્યના તમામ જીલ્લા ધ્વારા પણ મોમેન્ટો આપી સન્માન કરાયું હતું.ત્યારબાદ રાજ્ય રેવન્યુ કર્મચારી મહામંડળના પ્રમુખ જહાંગીર બલોચની અધ્યક્ષ સ્થાને જનરલ સભા શરુ થઈ હતી જેમાં નવીન પ્રમુખ માટે ગાંધીનગર જીલ્લાના વિરમભાઈ પટેલ અને સાબરકાંઠાના દેવેશ પટેલે દાવેદારી કરી હતી જોકે ચુંટણી ના થાય તે માટે બંને જણાના નામોની ચિઠ્ઠી એક થેલીમાં નાખવામાં આવી હતી જેમાંથી એક ચિઠ્ઠી બહાર કાઢવામાં આવતા તેમાં દેવેશ પટેલના નામ વાળી ચિઠ્ઠી નીકળી હતી જેથી પ્રમુખ જહાંગીર બલોચે નવીન પ્રમુખ તરીકે દેવેશ પટેલની જાહેરાત કરી હતી ત્યારબાદ પૂર્વ પ્રમુખ જહાંગીર બલોચે નવીન વરાયેલ પ્રમુખ દેવેશ પટેલને ફૂલછડી અને મોમેન્ટો આપી અભિનંદન પાઠવ્યા હતા આ ઉપરાંત તમામ જીલ્લાના હાજર પ્રમુખો સહીત પૂર્વ હોદ્દેદારોએ પણ નવીન પ્રમુખ દેવેશ પટેલને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખેડબ્રહ્મામાં ઉનાળાની શરૂઆતમાં જ પાણીના પોકારો

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા શહેરમાં હજુ ઉનાળાની શરૂઆત થઈ છે ત્યારે જ પાણીના પોકારો ઉઠવા પામ્યા છે. ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ, શેઠ કે.ટી. હાઈસ્કૂલ પાસેનો વિસ્તાર તથા રામેશ્વર નગરમાં પુરતા પ્રમાણમાં પાણી પહોંચતુ નથી જેથી સ્થાનિકોને પાણી માટે ઉનાળાની શરૂઆતમાં જ વલખા મારવાનો વારો આવ્યો છે. આ વિસ્તારમાં ૩૦ વર્ષ ઉપરાંત જુની પાણીની પાઈપલાઈન આવે છે. જેમાં અનેક જગ્યાએ તુટેલી હોઈ પાણીને પ્રેશર ન મળતુ હોઈ પાણી પહોંચતુ નથી. નગરપાલિકાને વારંવાર રજુઆત કરી પાઈપ બદલવાનુ કહેવા છતા નગરપાલિકા આંખ આડા કાન કરે છે. વાસણા રોડ પર હનુમાનજી મંદિર નજીક તુટેલી પાઈપ રીપેર કર્યા બાદ ફરીથી તુટી ગઈ છે. વારંવાર પાઈપો તુટી જાય છે તો લોકો વિચારે છે કે નગરપાલિકા આઈએસઆઈ માર્કાની પાઈપ કેમ વાપરતી નથી અને પાણીનો વ્યય થાય છે. જે અંગે સ્થાનિકો દ્વારા આખા વિસ્તારની પાઈપ નવી નાખવામાં આવે તો પાણીની સમસ્યા મહદ અંશે દૂર થાય તેમ છે. ચીફ ઓફીસર સાવિત્રીબેન સોનીએ જણાવેલ કે બે દિવસમાં સ્થળ ઉપર રૂબરૂ તપાસ કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે.

### સરકારની સુવિધાઓનો અને વિકાસ પર સવાલ ઊભા કરતી અમીરગઢના આદિવાસી વિસ્તારની ઘટના

# પ્રસૂતિ પીડીત મહિલાની વાયરલ તસવીર ફેક હોવાની વ્યાપક ચર્ચા

### સરકારને બદનામ કરવાના કારસાની સરકાર ન્યાયીક તપાસ કરાવે તેવી ચોમેરથી ઉઠી માંગ

પાલનપુર, તા. ૯

રાજ્ય સરકાર બનાસકાંઠા જિલ્લાના છેવાડાના ગામોમાં પ્રાથમિક સુવિધાઓ માટે જુદી જુદી ગ્રાન્ટ ફાળવે છે. જેમાં અમીરગઢના ખાટચીતરા અને ઉપલાખાપા ગામ અને આસપાસના વિસ્તારમાં રહેતા પરિવારોની તકલીફો સામે અનેક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાઈ છે. ત્યારે કોઈ વ્યક્તિએ ચોક્કસ બદઈરાદાથી આવનાર વિધાનસભા ચૂંટણીઓમાં સરકારની છબી ધુમીલ થાય તેવા બદઈરાદાથી એક તસવીર માધ્યમો અને ફેસબુક પર વાયરલ કરી છે. આ તસવીરમાં બીમાર પ્રસૂતા મહિલાને કપડામાં લાકડાનું ઘોડિયું બનાવીને ૪ કિ.મી.સુધી પરિવારના સભ્યો ઊંચકીને દવાખાને પહોંચાડતા હોય તેવો દાવો પણ કરાયો છે. જોકે સૂત્રોનું માનીએ તો આ તસવીર આ વિસ્તારમાં બનાવાયેલ એક "ડોક્યુમેન્ટરી" ની છે. જે કેટલાક દિવસ અગાઉ આ વિસ્તારમાં કબજો જમાવી બેઠેલ એક ઈસમે તેના સાગરીતો સાથે પાડી, લોકો અને સરકાર ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરવાનો મૂર્ખતાભર્યો પ્રયાસ કર્યો હોવાનુ માનવામાં આવી રહ્યું છે. ત્યારે ગુજરાતભરમાં વાયરલ થયેલ આ તસવીરનું સત્ય બહાર લાવવાની માંગ ઉઠી રહી છે.

આ તસવીરને વાયરલ કરનાર ઈસમે દાવો કર્યો છે કે, ઉપલાખાપાની મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા દવાખાને લઈ જવાની ફરજ પડી હતી પરંતુ સુવિધાના અભાવે પરિવારજનોએ કપડામાં લાકડાનું ઘોડિયું બનાવીને ઊંચકીને ચાર કિ.મી.નું અંતર કાપવું પડયું હતું. અને મેઈન રોડ પર લાવ્યા બાદ દવાખાને ખસેડવામાં આવી હતી. અને અમીરગઢમાં સરકારની અનેક પ્રકારની તબીબી સુવિધાઓ હોવા છતા અહી તબીબી સેવા નામશેષ થઈ છે. અને ઘણીવાર બીમારી વખતે લોકોને આ રીતે જ કિલોમીટરો સુધી ઊંચકીને જ સારવાર અર્થે લઈ જવાની ફરજ પડે છે. તેવો બેબુનીયાદ દાવો પણ કરાયો છે.



ઉલ્લેખનીય છે કે, અમીરગઢ તાલુકામાં હજુ પણ એવા કેટલાક વિસ્તારો છે, જયાં લોકોને પ્રાથમિક સુવિધાથીમાં યોગ્ય રસ્તાઓ અને અન્ય સુવિધાઓ સરકાર તેમના વિકાસલક્ષી કામોથી પહોચાડી રહી છે.

જિલ્લા કલેક્ટર જેનુ દેવને પણ જાહેર કર્યુ છે કે, પહાડી વિસ્તારો અને ટ્રાયબલ તાલુકાઓમાં સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેમાં રસ્તાઓ, શૌચાલય, સ્કૂલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, લાઈટ, પાણી વિગેરેનો સમાવેશ કરાયેલ છે. જ્યા જ્યા જરૂરિયાત છે. ત્યા તંત્ર પહોચ્યુ છે. ત્યારે આ પ્રકારની "ફેંક" તસવીરો પ્રચાર-પ્રસારમાં મૂકી સરકારને અને તંત્રને નેગેટીવ છબી સાથે કોણ બદનામ કરી રહ્યું છે તે આ વિસ્તારમાં મોટી તપાસનો વિષય બન્યો છે.

કેમકે તસવીરમાં જે પીડિત પ્રસવપીડા વેઠતી મહિલાનો દાવો કરાયો છે તે બાબત પર અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. કેમકે હજુ સુધી જાહેર કરાયુ નથી કે આ પીડિત મહિલા કોણ છે ? કયા ગામની છે ? કેટલા દિવસ અગાઉની આ ઘટના છે ? મહિલાની ડિલેવરી કઈ હોસ્પિટલમાં થઈ હતી ? કયા તબીબ દ્વારા ડિલેવરી કરાઈ હતી ? બાળક અને માતાની શુ સ્થિતિ છે ? કઈ પંચાયતમાં બાળકના જન્મની નોંધણી કરાઈ છે ? કોણ કોણ આ ઘટનાના સાક્ષી છે ? કોણ આ ઘટના માધ્યમો અને શોસિયલ મીડિયામાં ફેલાવી રહ્યું છે. તે તમામ બાબતો પણ એક મોટી તપાસનો વિષય હોઈ જિલ્લા કલેક્ટર જેનુ દેવન અને સરકાર આ સમગ્ર મામલાનું સત્ય શોધવા તપાસ હાથ ધરે તો આદિવાસી વિસ્તારમાં કેટલાક ઘુસણખોરી કરી આવેલા લોકોની શંકાશીલ ભુમિકા બહાર આવે તેમ હોવાનુ પણ સૂત્રો જણાવી રહ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ,અમીરગઢ વિસ્તારમાં ભોળા અને અબુધ આદિવાસી સમાજના લોકો રહે છે. જેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. અહી દૂર દૂર સુધી પર્વતીય વિસ્તાર અને ટેકરીઓ પર પણ લોકો રહે છે. ત્યારે અહીના દુર્ગમ અને પહાડી વિસ્તારોમાં કેટલાક પરપ્રાંતીય લોકોની શંકાસ્પદ ઘુસણખોરી તરફ તંત્ર દુર્લક્ષ સેવી રહ્યું છે. અહી આ પ્રકારના લોકો સેવાધારીનો ભેખ ધરી સમગ્ર વિસ્તારમાં પોતાની હુકુમત બનાવી રહ્યાં હોવાના ચોંકાવનારા અહેવાલ પણ મળ્યાં છે. જેમની ભેદી હિલચાલ અને વર્તણૂકથી સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર સાવ અજાણ છે. ત્યારે અહી આવા કોણ કોણ લોકો છે જે સરકાર સામે આ વિસ્તારના લોકોને ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યાં છે તે બાબતની પણ સ્થાનિક ગુના શોધક શાખા, સ્ટેટ આઈબી સેન્ટ્રલ આઈબી અને રાજ્ય સરકાર જીણવટભરી તપાસ કરાવે તે ઈચ્છનીય છે.